# BUSINESS મિત્ર

# આઈટીની શાનદાર વાપસી: સેન્સેક્સ 579 પોઇન્ટ ઉછળ્યો

**સેન્સેક્સ** 77,500ને પાર, રોકાણકારોએ રૂ. 3 લાખ કરોડની કમાણી કરી

### રૂપિયો વધુ 14 પૈસા ઘટ્યો

કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો વધુ ઘટ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 14 પૈસા તૂટીને 95.39ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.25ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 108.39, પાઉન્ડ 127.18, કેનેડિયન ડોલર 67.17, ઓસ્ટ્રેલિયન ડોલર 65.81, જાપાનીઝ યેન 0.5904 અને સીંગાપોર ડોલર 73.94ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 95.39 રૂ. |
| યુરો | 108.39 રૂ. |
| પાઉન્ડ | 127.18 રૂ. |
| યેન | 0.5881 રૂ. |

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 2:** જુલાઈ સિરીઝમાં સેન્સેક્સની પ્રથમ સપ્તાહ એક્સપાયરી બજારમાં સુધારા સાથે બંધ રહ્યા હતા. આજે સેન્સેક્સ-નિફ્ટી અડધા ટકાથી વધુની મજબૂતી મેળવી હતી. પીએસયુ બેન્કીંગ સિવાય મોટાભાગના સેકટર તેજસ્વી હતા અને આઇટી સેકટરે પુનરાગમન કર્યુ હતું. રોકાણકારોની સંપત્તિમાં રૂ. 3 લાખ કરોડથી વધુનો વધારો થયો છે.

ક્રુડ ઓઈલના ઘટાડો અને આઈટી સેકટરની મજબૂત ચમક માટે બજારમાં શાનદાર સુધારો જોવાયો હતો. જેમાં સેન્સેક્સ 600 પોઇન્ટથી વધુનો ઉછાળો આવ્યો હતો, જ્યારે નિફ્ટી પણ 24200 પોઇનટની નજીક પહોંચ્યો હતો. બ્રોડર માર્કેટ પણ સારૂં રહ્યું હતું.

સેકટર મુજબ બજારને આજે આઈટી સેકટરનો સૌથી મજબૂત ટેકો મળ્યો હતો, જેનો નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 5 ટકા વધ્યો છે. આજે આઈટીની સાથે રિયલ્ટી સેકટરમાં પણ તેજી જોવા મળી હતી. જ્યારે બેન્ક નિફ્ટી સપાટ બંધ રહી હતી.

બીએસઈ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 479 લાખ કરોડ થઈ છે, જેમાં રોકાણકારોએ રૂ. 3 લાખ કરોડની કમાણી કરી છે. જોકે, અમેરિકન ડોલર સામે રૂપિયો નીચો હોવાથી રોકાણકારો સાવચેત રહ્યા હતા.

બીએસઈ સેન્સેક્સ 579.48 પોઈન્ટ એટલે કે 0.75 ટકા વધીને 77502.12 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77578 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77063 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 24150 પોઈન્ટની સપાટી કુદાવી હતી. આજે નિફ્ટી 169.85 પોઈન્ટ એટલે કે 0.71 ટકા ઉછળીને 24175.70 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24194 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24058 પોઈન્ટની સપાટી તોડી હતી.

બીએસઈ ખાતે પેટ્રોનેટ એલએનજીમાં 23.28 ગણા, પોલીકેબ ઈન્ડિયામાં 13.88 ગણા, સોનાટા સોફટવેરમાં 12.47 ગણા, ઝેન્સર ટેકનોમાં 7.62 ગણા, ક્રીસીલ લિ.માં 6.91 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ઝેન્સર ટેકનોમાં 48.87 ગણા, સોનાટા સોફટવેરમાં 21.27 ગણા, આરએચઆઈ મેગ્નેસીતામાં 17.45 ગણા, ટીબીઓ ટેકમાં 10.26 ગણા, સીઈ ઈન્ફો સીસ્ટમમાં 6.18 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પોઝિટિવ વલણ જોવાયું હતું, જોકે, ફ્રન્ટલાઈન શેરોની સરખામણીએ નબળું પ્રદર્શન કર્યુ હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.65 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.98 ટકા વધ્યો છે. જેમાં માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યું છે. બીએસઈમાં 2539 શેરો વધ્યા હતા, જ્યારે 1738 શેરો ઘટ્યા હતા અને 190 શેરો યથાવત રહ્યા હતા.

કોમોડિટીઝ માર્કેટમાં સપ્ટેમ્બર 2026 સેટલમેન્ટ માટે બ્રેન્ટ ક્રુડ 98 સેન્ટ એટલે કે 1.37 ટકા ઘટીને 70.59 ડોલર પ્રતિ બેરલ પર બંધ રહ્યો હતો.

નિફ્ટી આઈટી ઈન્ડેકસ 4.64 ટકા વધ્યો છે. જેમાં પરસીસ્ટન્ટ સીસ્ટમ, ઈન્ફોસીસ, એમફાસીસ, કોફોર્જ, ટેક મહિન્દ્રા, એચસીએલ ટેકનો, ટીસીએસ, એલટીએમ, વિપ્રો અને ઓરેકલ ફાઈ. સર્વિસીસ વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારો મોટાભાગે સપાટ રહ્યા હતા. કારણ કે ઘરેલું આર્થિક સુચકાંકો પર નજર રહેશે, જેમાં આ અઠવાડિયે યુએસ જોબ્સ રિપોર્ટની રાહ જોતી હતી. યુએસના મુખઅય રોજગાર ડેટા પહેલા સાવચેતી પ્રવર્વતા હોવાથી એશિયન બજારો મિશ્ર રહ્યા હતા. જે ફેડરલ રિઝર્વના નાણાકીય નીતિના માર્ધ પર નવી સંકેતો આપી શકે છે. આ દરમ્યાન દક્ષિણ કોરિયાના કોસ્પીએ એશિયન બજારોમાં નુકશાન કર્યુ હતું, જે 7.36 ટકા ઘટ્યું હતું.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.56 ટકા, કેક 0.94 ટકા અને ડેક્સ 1.20 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.95 ટકા, તાઈવાન 0.59 ટકા, કોસ્પી 8.57 ટકા, શાંઘાઈ 2.07 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઈટસ 1.07 ટકા, હેંગસેંગ 0.35 ટકા અને જકાર્તા 0.86 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 579.48 | 77502.12 |
| નિફ્ટી | 169.85 | 24175.70 |
| બેન્ક નિફ્ટી | -1.40 | 58031.65 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 5.64 | 1040.90 |
| ટેક મહિન્દ્રા | 4.34 | 1421.30 |
| ટીસીએસ | 4.31 | 2068.10 |
| એચસીએલ ટેકનો | 4.24 | 1078.50 |
| બજાજ ફિનસર્વ | 3.23 | 1855.70 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મેક્સ હેલ્થકેર | 1.10 | 1127.40 |
| લાર્સન-ટુબ્રો | 0.81 | 4059.40 |
| ટીએમપીવી | 0.53 | 345.95 |
| નેસલે ઇન્ડિયા | 0.52 | 1446.20 |
| એક્સીસ બેન્ક | 0.45 | 1362.60 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 5.64 | 1041.00 |
| ટેક મહિન્દ્રા | 4.32 | 1421.10 |
| ટીસીએસ | 4.28 | 2067.05 |
| એચસીએલ ટેકનો | 4.12 | 1077.50 |
| બજાજ ફિનસર્વ | 3.25 | 1856.15 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| લાર્સન-ટુબ્રો | 0.78 | 4060.35 |
| મારૂતિ સુઝુકી | 0.43 | 14351.00 |
| એક્સીસ બેન્ક | 0.33 | 1363.75 |
| રિલાયન્સ ઇન્ડ. | 0.32 | 1303.80 |
| બીઇએલ | 0.26 | 415.20 |

# પ્રાઈવેટ બેન્કોના શેરોથી બ્રોકરેજ હાઉસ દૂર થયા

**ભારતના** બજારમાં રિટર્ન માટેનો આઉટલુક હજુય મુશ્કેલ બની રહેશે

**આઇટી** શેરોને પોર્ટફોલિયોમાંથી દુર કરાયા

નવી દિલ્હી, તા. 2: પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને લઈને તણાવ ઓછો થયો છે, પરંતુ શેરબજારની કમાણીની દ્રષ્ટિએ પરિસ્થિતિ મુશ્કેલ દેખાઇ રહી છે. ગ્લોબલ બ્રોકરેજ ફર્મ બર્નસ્ટેઇનનો ભારતની ખાનગી બેન્કો પરનો વિશ્વાસ ઘટયો છે. તેણે નિફ્ટી આઈટી ઈન્ડેક્સને તેના ઈન્ડિયા મોડલ પોર્ટફોલિયોમાંથી હટાવી દીધો છે. તેમણે કહ્યું છે કે, બજારની ગતિ વધારવાનું કોઇ પરિબળ નથી. ભૌગોલિક રાજકીય તણાવ, ફુગાવો અને ચોમાસાના જોખમો બજાર માટે મોટા પડકારો ઉભા કરી રહ્યા છે.

બર્નસ્ટેઈને કહ્યું છે કે, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને લઈને તણાવ ઓછો થયો છે. ક્રુડ ઓઈલના ભાવમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે, પરંતુ શેરબજારની કમાણીની દ્રષ્ટિએ પરિસ્થિતિ મુશ્કેલ લાગી રહી છે. ઘણા મોટા ક્ષેત્રો મોટા પડકારોનો સામનો કરી રહ્યા છે. બજારમાં માત્ર કેટલાક પસંદગીના શેરોમાં જ તકો છે.

બર્નસ્ટેઇને 1 જુલાઈએ જાહેર થયેલા રિપોર્ટમાં આ વાતો કહી છે. તેમણે કહ્યું છે કે, ભારતમાં માર્કેટના રિટર્ન માટે આઉટલુક હજુ મુશ્કેલ દેખાઈ રહ્યું છે. જોકે, આ વર્ષના અંત સુધીમાં તેમણે નિફ્ટીના 26000ના ટાર્ગેટમાં કોઇ ફેરફાર કર્યો નથી. આનો અર્થ એ છે કે નિફ્ટી વર્તમાન સ્તરથી લગભગ 8થી 9 ટકા ચઢી શકે છે. બ્રોકરેજ ફર્મે તેના પોર્ટફોલિયોમાં તાજેતરના ફેરફારોના ભાગરૂપે આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ડસઈન્ડ બેંક અને નિફ્ટી આઈટી ઈન્ડેક્સના શેરને બાકાત રાખ્યા છે. જો કે, તેણે તેના પોર્ટફોલિયોમાં એક્સિસ બેંક અને ઝાયડસ લાઈફના શેરનો સમાવેશ કર્યો છે. બ્રોકરેજ ફર્મે કહ્યું છે કે તેણે આ વર્ષની શરૂઆતમાં નાણાકીય શેરોમાં તેનું રોકાણ ઘટાડ્યું હતું. આ ક્ષેત્ર પ્રત્યેનો તેનો અભિગમ હજી પણ પસંદગીયુક્ત છે.

મોટી ખાનગી બેંકો અંગે બર્નસ્ટેઇને કહ્યું છે કે તેઓ અગાઉના ચક્ર જેવી વૃદ્ધિ દશ્યતા અને ગવર્નન્સ પ્રીમિયમ જોતા નથી. જાહેર ક્ષેત્રની બેંકોની સ્પર્ધા વધી રહી છે અને ટૂંકા ગાળામાં ફરીથી રેટિંગ થવાની કોઈ સંભાવના નથી. તેમણે કહ્યું છે કે આ વર્ષે નબળા પ્રદર્શનને કારણે તેમણે આઇસીઆઇસીઆઇ બેંક અને ઈન્ડસઈન્ડને પોર્ટફોલિયોમાંથી બાકાત રાખ્યા છે.

શેરબજાર માટે પડકારજનક પરિસ્થિતિઓ હોવા છતાં, બર્નસ્ટેઇનના ભારતીય પોર્ટફોલિયોએ આ વર્ષે 1.1 ટકાનું વળતર આપ્યું છે. આ સમયગાળા દરમિયાન નિફ્ટીના 6.7 ટકાના નેગેટિવ વળતર કરતાં આ વધુ સારૂં છે. તેમણે કહ્યું છે કે બજારની હાલની સ્થિતિ મર્યાદિત તકો દર્શાવે છે.

# ઓલા ઈલેક્ટ્રિકનું ક્વાર્ટર સેલ્સ બમણું

**છતાં** શેરમાં પ્રોફિટ બુકિંગ

મુંબઈ, તા. 2: ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર ઉત્પાદક ઓલા ઈલેક્ટ્રિક માટે એપ્રિલ-જૂન ક્વાર્ટર ખૂબ સારૂં રહ્યું હતું. વધુ સારા રિટેલ વેચાણ, ઉત્પાદનની ઉપલબ્ધતા અને મજબૂત માંગને કારણે કંપનીની વાહન નોંધણી લગભગ બમણી થઈને 43719 યુનિટ થઈ ગઈ છે. અગાઉના ક્વાર્ટરમાં એટલે કે જાન્યુઆરી-માર્ચ 2026માં તે 22252 યુનિટ હતો. એક્સચેન્જ ફાઈલિંગ અનુસાર, કંપનીએ જૂનમાં 16144 ટુ-વ્હીલર્સની નોંધણી કરી હતી, જે તાજેતરના ક્વાર્ટરમાં તેનો સૌથી વધુ માસિક રજિસ્ટ્રેશન આંકડો છે.

ઓલા ઈલેક્ટ્રિકના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ ક્વાર્ટર અમારી વૃદ્ધિ યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ સાબિત થયા છે. આ સમયગાળા દરમિયાન, ત્રિમાસિક ધોરણે વાહનોની નોંધણી લગભગ બમણી થઈ ગઈ હતી અને જૂનમાં 16144 વાહનોની નોંધણી કરવામાં આવી હતી. આ સતત ગતિ કંપનીના કામગીરીમાં સુધારણા, મજબૂત પ્રોડક્ટ સેગમેન્ટ અને ઓલા ઈલેક્ટ્રિક માટે ગ્રાહકોની પસંદગીનું પરિણામ છે.

# કૂડમાં કડાકો: ઓઈલના ભાવ 2% તૂટીને યુદ્ધ પહેલાના સ્તરે

મુંબઈ, તા. 2: ગુરુવારે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં લગભગ 2% નો તીવ્ર ઘટાડો નોંધાયો છે. હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા તેલનો પુરવઠો ઝડપથી વધવાને કારણે ભાવ સતત ત્રીજા સત્રમાં ઘટીને યુદ્ધ પૂર્વેના સ્તરે પહોંચી ગયા છે. સંયુક્ત આરબ અમીરાત (UAE) એ તેની દૈનિક નિકાસ 3.9 મિલિયન બેરલથી વધુ પુનઃસ્થાપિત કરતાં હોર્મુઝનો કુલ દૈનિક પ્રવાહ 10 મિલિયન બેરલને વટાવી ગયો છે.

અમેરિકા અને ઈરાન વચ્ચેની વાટાઘાટોમાં પ્રગતિ અને સાઉદી અરેબિયા દ્વારા એશિયાને અચાનક તેલ વેચવાના નિર્ણયથી બજારમાં જરૂર કરતાં વધુ પુરવઠો (ઓવરસપ્લાય) ઉપલબ્ધ થયો છે. આ ઉપરાંત, OPEC+ દેશો ઓગસ્ટ 2026 સુધી ઉત્પાદન લક્ષ્યાંકો વધારવાનું ચાલુ રાખે તેવી શક્યતાને લીધે કિંમતો પર દબાણ વધ્યું છે.

પરિણામે, બ્રેન્ટ ક્રૂડ 1.7% ઘટીને 70.29 ડોલર અને વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ (WTI) ક્રૂડ 2.09% ઘટીને 67.15 ડોલર પ્રતિ બેરલ પર ટ્રેડ કરી રહ્યું છે.

**સોના-ચાંદી સુરત**

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૯૫૦૦ |
| તેજાબી સોનું | ૧૪૯૪૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૨૦૨૫ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૪૬૫૦૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૯૫૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૦૫૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૨૦૦૦ |

**તેલ બજાર સુરત**

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૨૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૭૦ | તલતેલ | ૪૭૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર**

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૫૦૦ |
| એમ-૩૦ | ૪૪૫૦ |
| એસ-૩૦ | ૪૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |

# કોરિયન માર્કેટમાં મોટો ભૂકંપ: 'કોસ્પી' 8% તૂટ્યો

**દક્ષિણ** કોરિયાના બજારમાં મોટો ઘટાડો થયા બાદ 20 મીનીટ ટ્રેડિંગ અટકી ગયું જાપાન-ચીનના બજારો પણ લાલચોળ

મુંબઈ, તા. 2: સાઉથ કોરિયાના શેરબજારમાં આજે પણ તીવ્ર ઘટાડો જવાયો હતો. બજારનો મુખ્ય ઈન્ડેક્સ કોસ્પી 8 ટકા તૂટયો હતો. જોકે, ટ્રેડિંગના અંતે તે 7.89 ટકા તૂટીને 7648 પોઈન્ટ પર બંધ રહ્યો હતો. આ સતત બીજો દિવસ છે, જેમાં મોટો ઘટાડો નોંધાયો છે. બજારમાં ઘટાડામાં ચિપ ઉત્પાદકોમાં વેચાણનો મોટો હાથ હતો. જેના લીધે એશિયાના અન્ય બજારો પણ તૂટયા હતા. જેમાં ચીન અને જાપાનમાં મોટો ઘટાડો નોંધાયો હતો.

સેમસંગ ઈલેક્ટ્રોનિક્સ અને એસકે હાયનિક્સના શેરમાં મોટો ઘટાડો થવાથી દક્ષિણ કોરિયાના બજાર પર દબાણ વધ્યું હતું. એસકે હાયનિક્સના શરેમાં 14.57 ટકા ઘટીને બંધ થયા છે. આ શેરમાં એક સપ્તાહમાં 23 ટકાથી વધુ તુટયો છે. જ્યારે સેમસંગ ઈલે. 9.06 ટકા ઘટીને બંધ રહ્યો હતો. જ્યારે એક સપત્હમાં 19.21 ટકા તૂટયો હતો.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂા. |
|---|---|
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૮ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૫ |
| **લોકલ** | |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૪ |
| ૬૮/૩૬ | ૧૪૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૮ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૯ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ |

| | |
|---|---|
| ૭૫/૩૬ '' | ૧૩૩.૫ |
| ૫૦/૩૬ '' | ૧૪૪ |
| ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ |
| **RIL રિલાયન્સ** | |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૦ |
| ૧૧૪.૧૩ રોટો | --- |
| ૧૦૦ ટેક્ષ | ૧૩૯ |
| **વેલનોન** (જીએસટી સાથે) | |
| ૮૦/૭૨ રોટો | ૧૪૩ |
| ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ |
| ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ |
| --- | --- |
| ૮૦/૧૦૮ '' | ૧૪૪ |

| | |
|---|---|
| ----- | --- |
| ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| **ગાર્ડન** | |
| ૪૯/૨૪ એફડીવાય | ૧૪૧ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૨ ક્રિમ્પ | ૧૪૬ |
| ૬૮ ક્રિમ્પ | ૧૪૪ |
| ૭૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૭૫ ક્રિમ્પ | ૧૪૧ |
| ૮૦ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૩૦/૩૬ એફડી | --- |
| TPM | ૧૪૨.૫ |

# શ્રી રામમંદિરમાં ચોરીના પ્રકરણે RSSમાં આંતરિક માથાકૂટ શરૂ




એવું લાગે છે કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યો છે. પહેલાં કર્ણાટક કોંગ્રેસના નેતા પ્રિયાંક ખડગેએ નોંધણી માટે પત્ર લખીને એક મુદ્દો ઉઠાવ્યો, જેનો તેની પાસે કોઈ જવાબ નથી. હવે, રામ મંદિર દાન પેટીમાં થયેલી ચોરીને વડા પ્રધાનના નજીકના સહયોગી અને ટ્રસ્ટ સાથે સંકળાયેલા નૃપેન્દ્ર મિશ્રા સ્પષ્ટ લૂંટ કહી રહ્યા છે. આ ચોરી બાબતમાં RSS ઊંડી મૂંઝવણમાં છે. જો તેણે તાત્કાલિક પગલાં લીધાં હોત, તો લોકો કહેત કે RSS એ પોતાની ભૂલ સ્વીકારી છે. તેને બદલે મોટી માછલીઓને બચાવવા માટે વિલંબિત કાર્યવાહીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તેના પોતાના સમર્થકોનો ગુસ્સો વધી રહ્યો છે અને તેઓ ખુલ્લેઆમ પૂછી રહ્યા છે કે RSS કેમ ચૂપ છે? મોહન ભાગવત કેમ ચૂપ છે? આ ચોરી લાખો હિન્દુઓની શ્રદ્ધા સાથે દગો છે અને RSS તેની જવાબદારીમાંથી છટકી શકતું નથી. વાસ્તવમાં રામ મંદિર ચોરીએ RSS ના ચહેરા પરથી પ્રામાણિકતા, પવિત્રતા અને સરળતાનું મહોરું ફાડી નાખ્યું છે. RSS ના સ્વયંસેવકો વિશે એવું કહેવામાં આવતું હતું કે તેઓ નિ:સ્વાર્થપણે હિન્દુ ઉત્થાન માટે પોતાનું જીવન સમર્પિત કરે છે. આ ચોરીએ તેમની છબીને હાનિ પહોંચાડી છે, કારણ કે આ કોઈ સામાન્ય ચોરી નથી; તે ભગવાન રામના ઘરમાં ચોરી છે. એ જ રામ, જેના માટે RSS ગર્વથી દાવો કરે છે કે તેણે પોતાના જીવનનું બલિદાન આપ્યું છે, તેના સ્વયંસેવકોએ લાઠીચાર્જ સહન કર્યો અને મૃત્યુ પામ્યા છે.

શ્રી રામના નામે ભાજપે લાખો લોકોની લાગણીઓનો ઉપયોગ કર્યો અને તેમના મત મેળવ્યા હતા. જે કોઈ 'જય શ્રી રામ'ના નારા ન લગાવતા હતા તેમની સાથે દુર્વ્યવહાર કરવામાં આવતો હતો. જે લોકો મંદિરનો વિરોધ કરતા હતા તેમને દેશદ્રોહી અને સનાતન વિરોધી તરીકે ઓળખવામાં આવતા હતા. આ બધા પાછળનો સ્પષ્ટ હેતુ મત મેળવવાનો અને કેન્દ્ર અને રાજ્યોમાં સરકારો બનાવવાનો હતો. જાન્યુઆરી ૨૦૨૪ માં રામ મંદિરના ઉદ્ઘાટન સમયે વડા પ્રધાન મોદીએ કહ્યું હતું કે તે ફક્ત એક મંદિર નથી, તે હિન્દુ પુનર્જાગરણનું પ્રતીક છે અને તેને હજારો વર્ષો સુધી યાદ રાખવામાં આવશે. આજે કેન્દ્રમાં ભાજપ સત્તામાં છે અને બે તૃતીયાંશ રાજ્યોમાં ભાજપ અથવા ભાજપતરફી સરકારો છે, જે મુખ્યત્વે હિન્દુ ચેતનામાં ઉદયને કારણે છે.

શ્રી રામ મંદિરમાં ભક્તો તરફથી મળેલા પ્રસાદની ઉચાપતને લઈને નવા ખુલાસાઓથી વિવાદ વધુ ગરમાયો છે. રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને આ મોટાં કૌભાંડ અથવા ચોરીની જાણ આ મામલો જાહેર થયાના ઘણા દિવસો પહેલાં થઈ હતી. જો કે, તે સમયે કોઈ ઔપચારિક પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી ન હતી કે પોલીસને કોઈ માહિતી આપવામાં આવી ન હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાયે ૫ જૂને ટ્રસ્ટના કેટલાક સભ્યોને આરોપી અવિનાશ શુક્લાના ઘરે મોકલ્યા હતા. શોધખોળ દરમિયાન ૮૦ લાખ રૂપિયા રોકડા મળી આવ્યા હતા. આ સૂચવે છે કે પોલીસ અધિકારીઓ અને ટ્રસ્ટ બંનેને આ બાબતની પહેલાંથી જ જાણ હતી.

જો કે, ચંપત રાય કે તે પોલીસ અધિકારીઓએ કોઈ FIR દાખલ કરી ન હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે અવિનાશ શુક્લાના ઘરેથી પૈસા મળી આવ્યા પછી ચંપત રાય અને અન્ય લોકો ચૂપ રહ્યા હતા. આ સમાચાર ધીમે ધીમે અયોધ્યા શહેરમાં ફેલાઈ ગયા હતા. ત્યાર બાદ, ભાજપની નજીક ગણાતા એક હિન્દી અખબારે ૭ જૂને રામ મંદિરમાં ચોરી અને રોકડ રકમની રિકવરીના પ્રથમ સમાચાર પ્રકાશિત કર્યા હતા. જો કે તે હિન્દી અખબાર તરફથી આવા સમાચારની અપેક્ષા નહોતી, પરંતુ તે પ્રકાશિત થયા, જેનાથી રામ ભક્તોને આઘાત લાગ્યો હતો. પ્રશ્નો ઊભા થયા કે જો ૫ જૂને કાર્યવાહી પહેલાંથી જ કરવામાં આવી હતી તો કાનૂની પ્રક્રિયામાં વિલંબ કેમ થયો. શું ચંપત રાયના માણસો દ્વારા ટ્રસ્ટમાં જમા કરાયેલા પૈસા પાછા મેળવવામાં આવ્યા હતા? શું રામ મંદિરના કર્મચારી અવિનાશ શુક્લાના લોભને કારણે તે વધુ રોકડ ચોરી કરવા તરફ ફંટાઇ ગયો કે

**ટુ ધ પોઇન્ટ**

■ સંજય વોરા ■

પોતાના હિસ્સા માટે વધુ પૈસા લેવા લાગ્યો? આ પ્રશ્નો ૫ જૂનની ઘટના અંગે ઊભા થઈ રહ્યા છે.

આરોપી અવિનાશ શુક્લા જ્યાં કામ કરતો હતો તે યોગ કેન્દ્રમાંથી 'રામરાજ્ય કોષ'નામની એક પેટી મળી આવી છે, જે સૂચવે છે કે આવી સંખ્યાબંધ પેટીઓ રામ મંદિરમાં રાખવામાં આવી હતી. તેમાં કરોડો રૂપિયાનું દાન આવતું હતું. આ પેટીઓ પર એક Paytm QR કોડ પણ છપાયેલો મળી આવ્યો હતો. પોલીસ હવે આ QR કોડ સાથે જોડાયેલાં બેંક ખાતાંઓ અને તેના દ્વારા કરવામાં આવેલા તમામ ડિજિટલ આર્થિક વ્યવહારોના ઇતિહાસની તપાસ કરી રહી છે, જેથી ગેરકાયદેસર દાનનો સ્રોત શોધી શકાય. તેઓ 'રામરાજ્ય કોષ'ની રચના પાછળના માસ્ટરમાઇન્ડ સુધી પહોંચવા માંગે છે. અવિનાશ શુક્લાના ઇતિહાસ વિશે કેટલીક મહત્ત્વપૂર્ણ વિગતો બહાર આવી છે. અવિનાશ લગભગ દોઢ વર્ષ પહેલાં આ વિસ્તારમાં આવ્યો હતો અને તેણે આ યોગકેન્દ્રમાં આશ્રય લીધો હતો. યોગકેન્દ્રમાં રહીને તેણે વ્યવસ્થિત રીતે રામ મંદિરમાં નોકરી મેળવી હતી. અવિનાશ શુક્લા એ આઠ આરોપીઓમાંનો એક છે, જેમને રામ મંદિરમાં રોકડની ગણતરી કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. જ્યારે SBI અવિનાશ શુક્લા સહિત તમામ આઠ વ્યક્તિઓને દૂર કરવા માંગતી હતી, ત્યારે રામ મંદિર ટ્રસ્ટે તેમને ન કાઢવા માટે દબાણ કર્યું હતું.

RSS ની વાત પર પાછા ફરીએ તો ૨૦૧૪ થી સંઘ પરિવારનું સ્વરૂપ અને દરજ્જો બંને બદલાયાં છે. જે સ્વયંસેવકો કુર્તા પાયજામા પહેરતા હતા, સુટકેસમાં રહેતા હતા, ટ્રેનમાં મુસાફરી કરતા હતા અને શેકેલા ચણા ખાતા હતા, તેમણે આજે સદાચારી વર્તન છોડી દીધું છે અને વૈભવી વસ્તુઓનો આશરો લીધો છે. તેઓ વિમાનના બિઝનેસ ક્લાસમાં મુસાફરી કરે છે કે તેમના માટે ખાનગી જેટની વ્યવસ્થા કરવામાં આવે છે. તેઓ હવે પહેલાંની જેમ સ્વયંસેવકોના ઘરે રહેતા નથી, પણ સેવન-સ્ટાર હોટેલમાં પ્રેસિડેન્ટ સ્યુટની માંગણી કરે છે. એવા દિવસો પણ હતા જ્યારે RSS અને BJPના નેતાઓ દિલ્હીમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ મુસાફરી કરવા માટે પત્રકારોને રોકતા હતા. તેઓ પ્રમોદ મહાજન જેવા નેતાઓની ફાઈવ સ્ટાર જીવનશૈલીની ટીકા કરતા હતા.

આજે વાતાવરણ બદલાઈ ગયું છે. જે પક્ષો અને સંગઠનો એક સમયે ચારિત્ર્યશુદ્ધિ અને સરળ વ્યક્તિત્વની વાત કરતા હતા તેઓ હવે રાજકારણમાં શુદ્ધિની હિમાયત કરતા નથી. RSS ના કાર્યાલયો એક સમયે સાદગીનું પ્રતીક હતાં. હવે તે વૈભવી અને ગગનચુંબી ઇમારતોમાં બદલાઈ ગયાં છે. આ ફક્ત એક ઇમારત નથી; તે શક્તિ લાવે છે, જે પરિવર્તનનું પરિણામ છે. આજના સંઘમાં સર્વોચ્ચ મૂલ્ય શક્તિની પૂજા છે, જે સદ્ગુણને ખૂબ પાછળ છોડી દે છે. જે કાર્યકરો વર્ષો સુધી પદની ઇચ્છા વિના કામ કરતા હતા તેઓ હવે પદની દોડમાં છે. પૈસાનું શાસન ચાલે છે. તેઓ ચાપલૂસી અને ખુશામતને સફળતાનો પર્યાય માને છે. આ રમતમાં પાછળ પડી ગયેલાં લોકો પોતાનાં કાર્યોનો શોક કરે છે. એવું નથી કે સંઘમાં હજુ પણ પ્રામાણિક કાર્યકરો નથી. હજારો છે, પરંતુ ભાજપના હાથમાં આવેલી સત્તાના વર્તમાન ચક્રવ્યૂહે તેમને હાંસિયામાં ધકેલી દીધા છે.

૨૦૧૪માં ભાજપના હાથમાં સત્તા આવી તે પછી બીજું એક મહત્ત્વપૂર્ણ પરિવર્તન આવ્યું છે કે અચાનક નવા સ્વયંસેવકોની એક મોટી સેના ઊભરી આવી છે. જે લોકો એક સમયે ભાજપ, આરએસએસ, હિન્દુત્વ અને મોદીને શાપ આપતા હતા અને તેમની સાથે જોડાવા માંગતા ન હતા, તેઓ હવે સત્તાનાં ફળોનો આનંદ માણવા માટે લાઇનમાં ઊભા છે. તેઓ સંઘના પ્રામાણિક કાર્યકરોને પાછળ ધકેલી રહ્યા છે.

રસપ્રદ વાત એ છે કે સત્તાના ચક્રવ્યૂહમાં તેઓ દરેક દરવાજા પર દ્વારપાલ બની ગયા છે અને સત્તાના સૌથી વિશ્વસનીય સૈનિકો બન્યા છે. કેટલાક મંત્રી બન્યા છે, અન્ય ઉચ્ચ બંધારણીય હોદ્દાઓ પર ચઢી ગયા છે અને અન્ય લોકો સત્તાની અન્ય સંસ્થાઓ સાથે અનુકૂલન સાધી ચૂક્યા છે અથવા સાધી રહ્યા છે અથવા તેમ કરવા માગે છે. જેમણે ક્યારેય સંઘની શાખા પણ નથી જોઈ તેમને ઊંચા હોદ્દા પર બેસાડીને તેમને સત્તા સોંપવામાં આવી રહી છે. તેનાથી RSSના પ્રામાણિક કાર્યકરોમાં વ્યાપક અસંતોષ ફેલાયો છે. જ્યારે તેઓ જુએ છે કે જેઓ તાજેતરમાં સુધી RSSની ટીકા કરતા હતા તેઓ હવે સરકાર અને RSSના પ્રિય બની ગયા છે, ત્યારે તેમને સત્તાનો આ સ્વભાવ અપ્રિય લાગે છે. તેમને લાગે છે કે RSS હવે બદલાઈ ગયું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**RSSના સમર્થકોનો ગુસ્સો વધી રહ્યો છે અને તેઓ પૂછી રહ્યા છે કે મોહન ભાગવત કેમ ચૂપ છે? આ ચોરી હિન્દુઓની શ્રદ્ધા સાથેનો દગો છે અને RSS તેની જવાબદારીમાંથી છટકી શકતું નથી**

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

નોકરી વિષયક

**બેંકિંગક્ષેત્રમાં**
ટીમ લીડર માટે હિન્દી અને ગુજરાતી 5, Male તાત્કાલિક જોઈએ છે પગાર ધોરણ 20000 થી 30000 સુધી. 08976373893/ 08866709945 (પાર્ટટાઈમ નથી/ વર્ક ફ્રોમ હોમ નથી)

**Civil Construction**
Company માટે અનુભવી Supervisor, Engg, Site Supervisor જોઈએ છે. Mob- 98241-33338 Email- bein301@gmail.com

**ડિલીવરી બોય**
તાત્કાલિક જોઈએ છે. વલસાડ માટે ટુ- વ્હીલર હોવુ જરૂરી આકર્ષક પગાર + કમિશન સંપર્ક: કલ્પેશભાઈ (ફક્ત વલસાડ માટે) 9586404092

**ટેલી કોલિંગ કરી**
શકે તેવી છોકરીઓ જોઈએ છે. Mo. No. 9974252925

**દુકાન અને ગોડાઉન**
માટે ઉત્સાહી છોકરા અને છોકરી જોઈએ છે. પાર્ટ- ફુલ ટાઈમ. પગાર:- 10,000/- થી 15000/-. નોંધ:- ફોન કરવાનો સમય:- 11 થી 7. શોભન ઈલેક્ટ્રીકલ્સ. અડાજણ, સુરત. MO:- 9904064499.

**૧) સફાઈ કામદાર**
જોડીમાં ૨) વોચમેન (રહેવાની સગવડ સાથે) સરસ્વતી હિન્દી વિદ્યામંદિર GHB રોડ યોગેશ્વર નગરની પાસે કનકપુર સુરતમાં જોઈએ છે. સંપર્ક:- 8000065508 (200)

**V. N. Godhani**
English school Required Teachers for English, SS, Science for primary & computer for secondary and chemistry - physics for Lab Asst.Teacher. intrested candidates can apply within 8 days through E- Mail - appointmentvng@gmail.com contact no.9978442000 (196)

**અડાજણ, વરાછા**
કતારગામ, વેડરોડ ડોર ટુ ડોર પાન મુખવાસ વેચવા માટે ભાઈઓ બહેનોની જરૂર છે. મળો. 9825500993

**દુકાન વેચવાની છે**
રોયલ લક્ષુરિયા એપાર્ટમેન્ટ, પહેલા માળે, દુકાન નંબર ૧૪-૧૫ કે.કે. માવાળાની બાજુમાં, તળાવ રોડ, વ્યારા
૬૨૦ સ્કે. ફુટ
૨ પર્સનલ ઓફિસ
૧ રિસેપ્શન
૧ કોન્ફરન્સ રૂમ
૧ પેન્ટ્રી એરીયા
૧ વોશરૂમ
3 A.C.ઓફિસ ચેર, ટેબલ સાથે
97251 64658, 99793 35389

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**મહાદેવ ટૂર**
એન્ડ ટ્રાવેલ્સ સાપુતારા, પદમડુંગરી, વાંગણ/ માયાદેવી ધોધ, સ્ટેચ્યુ ઓફ યુનિટી. (ત્ર્યંબકેશ્વર, ધૃષ્ણેશ્વર, ભીમાશંકર) અજય- 7802062340, 8238872861 (199)

**ક્ષેત્રપાળ ટુર્સ.**
(ચોક્કસ ઉપડશે સ્લીપર બસ દ્વારા)(પાંચ જ્યોર્તિલિંગ, અષ્ટવિનાયક. 04-08, 05-09, 27-09) (કલકતા, ગંગાસાગર, જગન્નાથપુરી 15-08, 29-08)(કોલ્હાપુર, મહાલક્ષ્મી, ગોવા, ગણપતિપુલે, મહાબળેશ્વર. 27-09) (હૈદરાબાદ, મલ્લિકાર્જુન, રામેશ્વરમ, તિરૂપતિ 15-08)(ફક્ત હૈદરાબાદ, શ્રીશૈલમ 15-08)(નેપાળ, પોખરા, કાઠમંડુ, વારાણસી 06-09, 13-11) (અયોધ્યા, વારાણસી,બૌધગયા, બૈજનાથ, ઝારખંડ. 26-09) (દિવાળી વેકેશન બુકિંગ ચાલુ) સુરેશભાઈ પુરોહિત.9825105053

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**નવકાર વોટર પ્રુફિંગ**
25માં વર્ષમાં મંગળ પ્રવેશ જૂના અને જાણીતા લીકેજ ધાબા,ટાવર એપાર્ટમેન્ટ બહારની દીવાલનું ક્રેક ફીલિંગ વગેરે કેમિકલ ટ્રીટમેન્ટ દ્વારા બંધ કરીશું ધીરુભાઈ શાહ M- 7984650600/ 9898993303 (197)

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

મિલ્કત વેચવાની છે

**પ્લોટ વેચવાનો છે**
સ્વાતિ સોસાયટી વિભાગ- 3, નાના વરાછા. મો. 9687580001

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ કાળા વ્યારા કણજા 9687580001

**બંગલો વેચવાનો છે**
ગ્રાઉન્ડ + 1 લો માળ અડાજણ આયકર ભવન પાસે. સંપર્ક : અરવિંદભાઈ લાપસીવાલા 9558750051

**જુનું ડાયનીંગ ટેબલ**
ખુરશી સાથે વેચવાનું છે. 9426775152 (198)

**સુરત ડાયમંડ બુર્સ**
ઓફિસ વેચવાની છે. MO. 9687580001

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
**M. 9879663828**
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.